

'ઓ રંગ રસિયા કયાં રમી આવ્યા રાસ રે', 'પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી પાવા ગઢવાળી મા મને દર્શન દે' અને 'ઘુમતો ઘુમતો જાય આજ માનો ગરબો ઘુમતો જાય' જેવા પ્રાચીન અર્વાચીન ગરબાની રંગત સાથે હિંમતનગર શહેરમાં ઠેર ઠેર કલબ, પાર્ટી પ્લોટ અને શેરી ગરબામાં અવનવા ટ્રેડીશનલ ડ્રેસમાં સુસજજ થઈ સંગીતના તાલે ઘુમી રહ્યા છે. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)



(તસવીર : કાંતીલાલ લોધા, ડીસા)

'ઓ રંગ રસિયા કયાં રમી આવ્યા રાસ રે', 'પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી પાવા ગઢવાળી મા મને દર્શન દે' અને 'ઘુમતો ઘુમતો જાય આજ માનો ગરબો ઘુમતો જાય' જેવા પ્રાચીન અર્વાચીન ગરબાની રંગત સાથે ડીસા શહેરમાં ઠેર ઠેર કલબ, પાર્ટી પ્લોટ અને શેરી ગરબામાં અવનવા ટ્રેડીશનલ ડ્રેસમાં સુસજજ થઈ સંગીતના તાલે ઘુમી રહ્યા છે.

## હિંમતનગરની વિદ્યાનગરી સંકુલમાં નવરાત્રી મહોત્સવ ઉજવાયો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર ખાતેની વિદ્યાનગરી શૈક્ષણિક સંકુલ ખાતે ગતરોજ ઉજવાઇ ગયો. તેમાં શૈક્ષણિક સંસ્થાની તમામ ભગીની સંસ્થાઓના બાળકો દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. સર્વે બાળકો ટ્રેડિશનલ ડ્રેસમાં તૈયાર થઇ નવરાત્રી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળા પરિવારના પ્રમુખ ડી.એલ. પટેલ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. શાળા પરિવારના ચાર હજાર બાળકો તેમજ ૨૫૦ જેટલા સ્ટાફે મહોત્સવને શોભાવ્યો છે. મેનેજિંગ ડાયરેકટર આર.બી. રાવલે શાળા પરિવારને મહોત્સવ નિમિત્તે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યા હતા.

## બેરણાની યુવતી ગુમ થયાની ફરિયાદ

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના બેરણા ગામના હસમુખભાઈ તુરીની ૧૯ વર્ષીય રીટાબેન ૧૬મી ઓકટોબરના રોજ પ્રથમ નવરાત્રીના રોજ સવારે ઘરેથી કપાસમાં કોથળીઓ બાધવા ગયેલ જે કોઈ પણ કારણોસર જે ઘરે પરત ના આવતા આ અંગે મંગળવારના રોજ ગાંભોઈ પોલીસમથકે બબીબેન તુરીએ જાણ કરતા પોલીસે જાણવા જોગ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.



શિહોરી મુકામે આર.એસ.એસ. દ્વારા દશેરા પર્વ નિમિત્તે શસ્ત્રપૂજન કાર્યક્રમ યોજ્યો હતો. જેમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. (તસવીર : હેમુભા વાઘેલા)

## સાબરડેરી પાસે આઈશર ટ્રકની અડફેટે માલધારી અને ત્રણ પશુના મોત

હિંમતનગર, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક સાબરડેરી પાસે મંગળવારના રોજ વહેલી સવારે આઈશર ટ્રકે રોડ પર પશુધન લઈને જઈ રહેલા માલધારીને અડફેટે લેતા માલધારી અને ત્રણ પશુધનનું મોત નીપજ્યું હોવા અંગેની ફરિયાદ હિંમતનગરટાઉન પોલીસ મથકે નોંધાઈ હતી.

વિગત મુજબ અમદાવાદ જિલ્લાના વિરમગામ તાલુકાના દહેલાલ ગામના ૪૦ વર્ષીય હાથીભાઈ ભરવાડ પોતાના પશુધનના ટોળાને મંગળવારના રોજ વહેલી સવારે ૪.૩૦ વાગેના સુમારે સાબરડેરીથી હિંમતનગર તરફ લઈ આવી રહ્યા હતા ત્યારે આઈશર ટ્રક નંબર-જીજે-૯-વી-૭૭૧૬ ના ચાલકે બેફામ રીતે ટ્રક હંકારી લાવી પશુધન લઈ જતા હાથીભાઈ ભરવાડ અને પશુધનના ટોળાને ટક્કર મારતા ગંભીર ઈજાને કારણે હાથીભાઈ ભરવાડ સાથે એક ગાય અને બે વાછરડા મળી ત્રણ પશુધનના સ્થળ પર મોત નીપજ્યા હતા. આ અંગે હિંમતનગર ટાઉન પોલીસમથકે રાજબહાદુર દિલબહાદુર ક્ષત્રિયએ ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

## ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં પુસ્તક સુલેખન સ્પર્ધા યોજાઈ

મહેસાણા, તા. ૨૪

મહેસાણા જિલ્લાના ગોઝારિયા ગામે આવેલી ગોઝારિયા આદર્શ પ્રાથમિક કન્યા શાળામાં તાજેતરમાં સ્વામી વિવેકાનંદ વાચન પર્વ અંતર્ગત વાંચન સ્પર્ધા અને પુસ્તક પરિચય સ્પર્ધાનું તથા લેંગ્વેજ કોર્નર અંતર્ગત સુલેખન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

સ્વામી વિવેકાનંદ વાંચન પર્વ અંતર્ગત વાંચન સ્પર્ધા અને પુસ્તક પરિચય સ્પર્ધા યોજાઈ હતી. જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ સ્પર્ધકને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત શાળામાં લેંગ્વેજ કોર્નર અન્વયે ધોરણ-૧ થી ૪ ની બાળાઓની સુલેખન સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય નંબર પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શાળાના આચાર્ય રાકેશભાઈ સોનીએ અભિનંદન પાઠવ્યા હતા.

## પ્રાંતિજમાં બાઈક રેલી અને વિજય ધ્વજ લહેરાવવાનો કાર્યક્રમ યોજાયો

ગુજરાત પરિવર્તન પાર્ટી પ્રાંતિજ શહેર સમિતિ દ્વારા આજે શહેરમાં વિજય ધ્વજ લહેરાવવાનો અને મોટર સાઈકલ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં કાર્યકરો નિખીલ પટેલ, નયન દેસાઈ, સંજય પટેલ સહિત અન્ય આગેવાનો હાજર રહ્યા હતા અને કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

નવરાત્રીના છેલ્લા દિવસે પાલનપુરમાં ખેલૈયાઓ મન મુકીને ગરબે ઘુમ્યા હતા. 'ઓ રંગ રસિયા કયાં રમી આવ્યા રાસ રે', 'પાવલી લઈને હું તો પાવાગઢ ગઈ'તી પાવા ગઢવાળી મા મને દર્શન દે' અને 'ઘુમતો ઘુમતો જાય આજ માનો ગરબો ઘુમતો જાય' જેવા પ્રાચીન અર્વાચીન ગરબાની રંગત સાથે પાલનપુર શહેરમાં શેરી ગરબામાં અવનવા ટ્રેડીશનલ ડ્રેસમાં સુસજજ થઈ સંગીતના તાલે ઘુમી રહ્યા છે.

## પ્રાંતિજમાં દશેરાની ધામધૂમપૂર્વક ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા. ૨૪

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં મા આદ્યશક્તિના નવલા નોરતા પૂર્ણ થતા જ લોકોએ આજે વિજયાદશમીના પર્વને ધામધૂમપૂર્વ ઉજવ્યો હતો અને ફાફડા જલેબીના સ્વાદ સાથે શસ્ત્ર પૂજા કરી હતી. આજે વિજયાદશમીના પર્વે સાબરકાંઠાના પ્રાંતિજ તાલુકામાં આવેલા વડાદરા, સલાલ, સોનાસાર, વાઘપુર, સીતવાડા, અમરાપુર સહિતના મોટા ગામોમાં લોકોએ ધામધૂમપૂર્વક દશેરાની ઉજવણી કી હતી અને સાથોસાથ ફાફડા, જલેબી ચોળાફળી જેવી વાનગીઓનો સ્વાદ પણ માણ્યો હતો. જ્યારે પરંપરા પ્રમાણે ક્ષત્રિયો દ્વારા વહેલી સવારે માથે સાફા બાંધી શાસ્ત્રો અને શસ્ત્રોનું પૂજન કર્યુ હતું.



કાંકરેજ રાજપૂત ક્ષત્રિય સમાજના આગેવાનો-યુવાનો દ્વારા દેવ દરબાર ઓગડનાથની જગ્યામાં દશેરા પર્વ નિમિત્તે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં ક્ષત્રિય સમાજના નામી-અનામી આગેવાનો અને યુવાનો દ્વારા શાસ્ત્રવિધિ પ્રમાણે શસ્ત્રપૂજન અને મહાઆરતીનો કાર્યક્રમ યોજાયો હતો. (તસવીર : હેમુભા વાઘેલા)

## આઈએસઆઈ એજન્ટો પર ચાંપતી નજર કેન્દ્રીત

અમદાવાદ, તા.૨૪

જામનગર મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારી અને આઈએસઆઈના એજન્ટ ઈદરીશ પિન્જારાની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. શહેર ક્રાઈમ બ્રાન્ચ દ્વારા મંગળવારના દિવસે વિધિવત રીતે ધરપકડ કરવામાં આવ્યા બાદ તેના આઈએસઆઈ સાથેના સંબંધો અંગે માહિતી મેળવવાના પ્રયાસ થઈ રહ્યા છે. છેલ્લા થોડાક દિવસ સુધી અટકાયતમાં રાખવામાં આવ્યા બાદ આ શખ્સને વિધિવત રીતે પકડી લેવામાં આવ્યો હતો. જાસૂસીની પ્રવૃત્તિ મામલે એકત્રિત કરવામાં આવેલા પૂરાવા દર્શાવવામાં આવતા આ શખ્સે કોઈ સંતોષકારક જવાબ આપ્યો નથી. આઈએસઆઈ જાસૂસી કેસમાં ત્રણની ધરપકડ કરવામાં આવી ચૂકી છે. ૧૪મી ઓક્ટોબરના દિવસે ક્રાઈમ બ્રાન્ચના અધિકારીઓએ પ્રથમ આઈએસ આઈના એજન્ટ સિરાજુદ્દીન ફકીરની ધરપકડ કરી હતી. કરાચીમાં આઈએસ આઈના હેન્ડલરને વાયા ઈમેઈલ મારફતે ગુપ્ત માહિતી મોકલી રહ્યો હતો. જ્યારે પુંજારા ફકીરના અન્ય સાથીઓ અયુપ શેખની ધરપકડ પણ કરવામાં આવી છે. ઈદરીશનું કહેવું છે કે તેના ભાઈ અસલમની પાકિસ્તાન પોલીસ દ્વારા ધરપકડ કરવામાં આવી હતી.

## અબુ જુડાલની એટીએસ દ્વારા આકરી પૂછપરછનો દોર જારી

અમદાવાદ, તા.૨૪

વર્ષ ૨૦૦૬માં કાલુપુર રેલવે સ્ટેશન ખાતે આરડીએક્સ બ્લાસ્ટના મામલામાં આરોપી કુખ્યાત અબુ જુંડાલની પૂછપરછ શરૂ થઈ ચૂકી છે. જુંડાલે એટીએસને જણાવ્યું છે કે મહારાષ્ટ્રમાં બિદ ખાતે આઈઈડી તૈયાર કરવામાં આવ્યો હતો અને ત્યારબાદ મુંબઈમાં ટ્રેનમાં મોકલી દેવામાં આવ્યો હતો. ૧૯મી ફેબ્રુઆરી ૨૦૦૬ના દિવસે વહેલી પરોઢે ૧.૪૩ વાગે કાલુપુર રેલવે સ્ટેશન ખાતે પ્લેટ ફોર્મ નંબર ૨ ઉપર થયેલા બ્લાસ્ટના સંબંધમાં રાજ્ય એટીએસ દ્વારા લશ્કરે તોયબાના આતંકવાદી અબુ જુંડાલની ધરપકડ કરવામાં આવી હતી.


આ બ્લાસ્ટમાં ૨૫ લોકો ઘાયલ થયા હતા. બ્લાસ્ટના સમયના કારણે ખુવારી ટળી ગઈ હતી. સૂત્રોનું કહેવું છે કે જુંડાલે હવે રાજ્ય એટીએસ સમક્ષ કેટલીક મહત્વપૂર્ણ માહિતી આપી છે. જુંડાલની પૂછપરછનો દોર ચાલી રહ્યો છે. વર્ષ ૨૦૦૬ના ઓરંગાબાદ શસ્ત્ર કેસમાં પણ જુંડાલની ભૂમિકા રહેલી છે. જુંડાલનું કહેવું છે કે ફયાઝ કાગજી ઈસ્લામના હેતુસર તેની પાસે આવ્યો હતો અને તેને નેપાળમાં ટ્રેનીંગ માટે મોકલ્યો હતો. બિદમાં પણ ટ્રેનીંગ મેળવી હતી. મળેલી માહિતી મુજબ તેની પૂછપરછના મામલાથી કેટલીક નક્કર માહિતી મળી શકે છે. હજુ આગામી દિવસોમાં પણ તેની પૂછપરછનો દોર જારી રહેશે.

## નાગર બ્રાહ્મણ પરિવારના ૮૬ વર્ષીય વૃદ્ધની અગમ્ય આસ્થાને શ્રદ્ધા...!!

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં નવરાત્રી ઉત્સવની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી થઈ રહી છે. ભક્તો દેવી શક્તિને રીઝવવા જપ, તપ અને અનુષ્ઠાન કરે છે ત્યારે પ્રાંતિજના લાલદરવાજા વિસ્તારમાં નાગર બ્રાહ્મણની હવેલીમાં પથારીવસ ૮૬ વર્ષીય વૃદ્ધ ૭૩ વર્ષ જૂના પરંપરાગત ગરબાનું સ્થાપન કરી પૂજા-અર્ચના અને ઉપાવાસ કરી રહ્યા છે.

પ્રાંતિજ તાલુકાના લાલદરવાજા વિસ્તારમાં આવેલ મુખ્ય ચોકમાં સ્થિત પૌરાણિક હવેલીમાં રહેતા ૮૬ વર્ષીય હર્ષવદન મહેતા આંખે અંધ છે અને શરીર અશક્ત છે. તેમ છતાંપણ આજે તેવો ૭૩ વર્ષ જૂના પૌરાણિક ગરબાને હેમખેમ સાચવી રાખ્યો છે અને નવરાત્રીના નવ દિવસ ગરબામાં દિવો પ્રગટાવી વૃદ્ધ નવ દિવસ ઉપવાસ સાથે શક્તિની આરાધનાના ઉપવાસ કરે છે.



(તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

આ ગરબાને નવરાત્રીના નોરતા પૂર્ણ થતા જ વાજતે ગાજતે વળાવી ફરી પાછો પૌરાણિક સ્થળે ચોખામાં પ્રસ્થાપિત કરી દેવામાં આવે છે.

૮૬ વર્ષીય મહેતાજી હાલ પથારીવશ છે ત્યારે ગરબાની સંભાળ અને પૂજાવિધિ માટે ભાવનગર સ્થિત તેમના ભાઈની દીકરી પણ ૩૦ વર્ષથી નવરાત્રીમાં આવી ગરબાની સાળસંભાળ સાથે ઉપવાસ કરી રહી છે. છેલ્લા ૭૩ વર્ષથી આ પૌરાણી ગરબો જેમનો તેમ છે અને અંદર પડેલા ચોખા પણ ચકચકીત અને સાફ છે. શક્તિના આ ચમત્કારને માટે નવરાત્રિના પર્વમાં મા શક્તિને નમન.

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

ગાંધીનગર શહેરની મધ્યમાં અદ્યતન ઓટોમેટીક મશીનોથી સજ્જ
સીયાટ એપોલો ગુડઈયર કંપનીના ટાયરની
સંપૂર્ણ રેન્જનો અધિકૃત વિશાળ શો રૂમ
Nirmala Tyres
Authorised DEALER : CEAT, APOLLO TYRES
CEAT TYRES
APOLLO TYRES
ઉપલબ્ધ સેવાઓ :
● ઓટોમેટીક મશીન ઉપર ટાયર ફીટીંગ
● ટ્યુબલેસ ટાયરનું પંચર કરી આપવામાં આવશે.
● હાઈ ક્વોલિટી પંચર સર્વિસ
● મોટી ટ્રકો તથા ટ્રેક્ટરના ટાયરો હાજર સ્ટોકમાં તદ્દન વ્યાજબી ભાવે મળશે.
રવિવારે શો-રૂમ બપોરે ૧ વાગ્યા સુધી ચાલુ રહેશે
એપોલો એકસીલીયર ટ્યુબલેસ ટાયરની સંપૂર્ણ રેન્જ મળશે.
૩૭૯/૨, સેક્ટર-૧૬, શાલીમાર સિનેમા પાસે, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૩૯૩૫૧, મો. : ૯૮૨૪૦-૬૪૭૨૮

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
asian TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે,
કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧